જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૭/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૨૩૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૦૯૮ | ૦ | ૧૦૦૯૮ | ૧૬૧૫૨ | ૦ | ૧૬૧૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૦૪ | ૫ | ૪૩૦૯ | ૫૮૨૦ | ૫ | ૫૮૨૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૨૮૯૪ | ૧૪૧ | ૧૩૦૩૫ | ૧૩૩૮૩ | ૧૪૬ | ૧૩૫૨૯ |
| | કુલ | ૨૭૩૩૯ | ૧૪૬ | ૨૭૪૮૫ | ૩૫૫૫૮ | ૧૫૧ | ૩૫૭૦૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૪ | ૯,૨૬,૨૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૪૨૩ | ૬,૮૪,૬૦૦/- |

# “ શી ” ટીમની કામગીરી


## વાસણા પોલીસ સ્ટેશન :-

વાસણા પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા હાલમાં દશામાં વ્રત તેમજ શ્રાવણ માસ ચાલી રહેલ હોય સરકાર શ્રી ની ગાઈડ લાઈન પ્રમાણે ધાર્મિક સ્થળો ઉપર વધુ ભીડ ના કરવી તેમજ બધાએ ફરજિયાત માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું તેમજ દશામાની મૂર્તિની સ્થાપના ઘરેજ કરી તેમજ મૂર્તિનું વિસર્જન ઘરે જ કરવું કોરોના બીમારી અનુસંધાને વાસણા પોલીસ સ્ટેશન ના અલગ અલગ વિસ્તારમા રહેતી મહિલા ઓને સમજ કરવામાં આવી...



## **ઘાટલોડિયા પોલીસ સ્ટેશન :-**

સિનિયર સીટીઝન ની મુલાકાત લેતી શી ટીમ







# પાસા અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન સબંધી ૧(એક) આરોપીની પાસા અટકાયતી તરીકે ધડપકડ કરતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.એ.સિંહનાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પોસઇશ્રી એમ.બી.પટેલ તથા માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ પ્રોહીબીશનના ગુનામા ૧(એક) આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય, સદરી આરોપીને પોસ્ટે ખાતે લાવી પાસા અટકાયત કરી નીચે મુજબની પાસા હુકમની બજવણી કરેલ છે.

અત્રેના કાગડાપીઠ પો.સ્ટે. ગુ.ર.નં.સી/૦૦૩૬૦/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ), ૯૮(૨) મુજબના દેશીદારૂના કબજાના ગુનામાં આરોપીબેનો નામે વિમલ ઉર્ફે ભોલુ સ/ઓફ વિષ્ણુભાઇ ગોકળભાઇ તળપદા, ઉ.વ.૩૧, ધંધો-મજુરી, રહે, પીલવય તલાવડી, મહીડા ભાગોળ સ્મશાનમા, નડીયાદ તથા અંબીકા ચોક, મલ્હારપુરા કોઠારીની ચાલી સામે, નડીયાદ નાઓ વિરૂધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રીનાઓ સમક્ષ સાદર કરતા તેઓશ્રી સાહેબે તેઓની કચેરીના ક્રમાંક/PCB /DTN/પાસા/૫૩૩/૨૦૨૦ તા.૨૩/૦૭/૨૦૨૦ અન્વયે સદરી પાસા અટકાયતીને “મધ્યસ્થ જેલ લાજપોર સુરત” જેલ મોકલી આપવા હુકમ કરેલ. જે હુકમ આધારે મજકુર પાસા અટકાયતીને તા.૨૩/૦૭/૨૦૨૦ ના કલાક ૨૨/૦૦ વાગ્યા દરમ્યાન પાસા હુકમની બજવણી કરી “મધ્યસ્થ જેલ લાજપોર સુરત” જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા સારુ જરૂરી જાપ્તા સાથે સરકારી વાહનમા મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૨૩/૦૭/૨૦૨૦



## <u>શાહીબાગ પોલીસ સ્ટેશન :-</u>

## <u>શરીર સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી એ.કે.પટેલ નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી તથા મિલકત સંબંધી ગુનાઓ કરતા ઈસમો વિશાલ સ/ઓ દિનેશભાઇ જાતે ભીલ (ઢુંઢીયા) ઉ.વ.૨૪ રહે.કુબેરપુરા ભીલવાસ અસારવા બ્રીજના નીચે ગોવાજીના છાપરાની બાજુમાં અસારવા શાહીબાગ અમદાવાદ શહેરનાઓ વિરુદ્ધ શાહીબાગ પો. સ્ટે. સે. ગુ. ર. નં.૩૪૯૭/૧૯ ઇ.પી.કો.કલમ. ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૧),૪૨૭ મુજબ તથા શાહીબાગ પો.સ્ટે. ગુ. ર. નં.૧૧૧૯૧૦૩૧૨૦૧૪૧૦/૨૦૨૦ ઇ.પી.કો. કલમ- ૧૪૩, ૧૪૭, ૧૪૮,૧૪૯, ૩૨૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા શાહીબાગ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૦૧૧૪૩/૨૦૨૦ ઇપીકો કલમ-૩૯૫,૨૯૪(ખ),૩૩૭ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ ના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપીઓ વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/ પાસા/૫૩૪/૨૦૨૦ તા.૨૩/૦૭/૨૦૨૦ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૨૩/૦૭/૨૦૨૦ ના કલાક:૨૨/૦૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ,લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે .

**<u>આરોપીનું નામ</u>:** વિશાલ સ/ઓ દિનેશભાઇ જાતે ભીલ (ઢુંઢીયા) ઉ.વ.૨૪ રહે.કુબેરપુરા ભીલવાસ અસારવા બ્રીજના નીચે ગોવાજીના છાપરાની બાજુમાં અસારવા શાહીબાગ અમદાવાદ

**<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>:** (૧) પો.સ.ઈન્સ આર. પી. ડાભી તથા સર્વલન્સ ટીમના માણસો (૨) ASI વિરેન્દ્રસિંહ મકુભા બ.નં.૭૬૯૮ (૩) WLRD નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪ (૪) LRD. પરેશકુમાર અણદાસભાઇ.બ.નં.૧૧૮૫૩



## **શાહીબાગ પોલીસ સ્ટેશન :-**

## **શરીર સંબંધી તથા મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ**

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી એ.કે.પટેલ નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી તથા મિલકત સંબંધી ગુનાઓ કરતા ઈસમો કેશાજી ઉર્ફે સીતારામ સ/ઓ પ્રભુજી રામાજી ભીલ ઉ.વ.૬૨ તથા ચેતનભાઈ સ/ઓ કેશાજી ઉર્ફે સીતારામ પ્રભુજી ભીલ ઉ.વ.૩૧ બંન્ને રહે:ગોવાજીના છાપરા કુબેરપુરા ભીલવાસ અસારવા બ્રીજના નીચે અસારવા શાહીબાગ અમદાવાદ શહેરનાઓ વિરુદ્ધ શાહીબાગ પો. સ્ટે. ફ. ગુ. ર. નં.૯૩/૧૯ ઇ. પી. કો. કલમ.૩૨૩,૨૯૪(ખ), ૧૪૧,૧૪૩,૧૪૭, ૧૪૯,૪૨૭, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ. ૧૩૫(૧) મુજબ તથા શાહીબાગ પો. સ્ટે. સે. ગુ. ર. નં.૩૪૯૮/૧૯ ઇ.પી.કો.કલમ. ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૧),૪૨૭ મુજબ તથા શાહીબાગ ગુ.ર.નં.૧૧૧૯ ૧૦૩૧૨૦૦૪૦૮/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ),૧૧૪ મુજબ તથા શાહીબાગ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૦૧૧૪૩/ ૨૦૨૦ ઇપીકો કલમ- ૩૯૫,૨૯૪(ખ),૩૩૭ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ ના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપીઓ વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/ પાસા/૫૩૧/૨૦૨૦ તા.૨૩/૦૭/૨૦૨૦ તથા ક્રમાંક/પીસીબી/ડીટીએન/ પાસા/૫૩૨/૨૦૨૦ તા.૨૩/ ૦૭/૨૦૨૦ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૨૩/૦૭/૨૦૨૦ ના કલાક:૨૨/૧૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ,લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે .

## **આરોપીનું નામ:**

કેશાજી ઉર્ફે સીતારામ સ/ઓ પ્રભુજી રામાજી ભીલ ઉ.વ.૬૨ તથા ચેતનભાઈ સ/ઓ કેશાજી ઉર્ફે સીતારામ પ્રભુજી ભીલ ઉ.વ.૩૧ રહે:ગોવાજીના છાપરા કુબેરપુરા ભીલવાસ અસારવા બ્રીજના નીચે અસારવા શાહીબાગ અમદાવાદ શહેર

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:</u>

(૧) પો.સ.ઈન્સ આર. પી. ડાભી તથા સર્વલન્સ ટીમના માણસો (૨) ASI વિરેન્દ્રસિંહ મકુભા બ.નં.૭૬૯૮ (3) WLRD નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪ (૪) LRD. પરેશકુમાર અણદાસભાઇ.બ.નં.૧૧૮૫૩



<u>**ગુના નિવારણ શાખા :-**</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૨૩.૦૭.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ  છે.

- અમદાવાદ શહેરના નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તાર પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદીની સાથે બોલાચાલી અને ઝઘડો કરી છરી વડે ફરીયાદીનાગળાની ડાબી બાજુએ  તથા અંગુઠાની પાસે ઘા મારી ઈજાઓ કરનાર તેમજ પોતાના સાગરિતો સાથે ફરીયાદી તેમજ સાહેદ ની સાથે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સગાળો બોલી સાગરીતે ચપ્પુ વડે ફરીયાદીને નીચના હોઠે તથા ડાબા હાથના કોણી પાસે ઈજા કરનાર માથાભારે અને જનુની સ્વભાવ ધરાવનાર ઈસમ નામે ધર્મેશભાઈ ઉર્ફે બટ્કો રમેશભાઈ ચુનારા રહેવાસી-મ.ન.૨૬ ગુ.હા.બોર્ડ મકાન કઠવાડા સિંગરવા રોડ તા.દ્રસ્કોઈ જિ.અમદાવાદ વિરુધ્ધમા પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ધર્મેશભાઈ ઉર્ફે બટ્કો રમેશભાઈ ચુનારા રહેવાસી-મ.ન.૨૬ ગુ.હા.બોર્ડ મકાન કઠવાડા સિંગરવા રોડ તા.દ્રસ્કોઈ જિ.અમદાવાદ |

- અમદાવાદ શહેરના  રાણીપ તથા વાડજ પો.સ્ટે. વિસ્તારમાથી ફરીયાદીના ગોડાઉનમાથી ડ્રીલ મશીનની ચોરી કરનાર તેમજ અન્ય કિસ્સામા ફરીયાદીના ઘરમા ગેરકાયદેસર પ્રવેશ કઈ કરી લેપટોપ પેનની ચોરી કરી લઈ જનાર અને ચોરી કરેલ મુદામાલ પોતાના કબ્જામા રાખી એકબીજાના મેળાપીપણામા આર્થીક નાણાકીય લાભ લેવાના ઈરાદે પોતાના કબ્જામા રાખનાર ગુનાહિત માનસ ધરાવનાર  ઈસમો નામે (૧) કૈલાશ ઉર્ફે દાતલો પોપટભાઈ દંતાણી રહે.જોગણી માતાની ચાલી શંકરભુવન ના છપરા  શાહ્પુર અમદાવાદ મુળ વતન ગામ- ડેણજ તા.જિ.મહેસાણા (૨) કનૈયા ભીખાભાઈ દંતાણી રહેવાસી- બ્લોક ન.૩૦ મ.ન.૯૪૪ પહેલો માળ ઔડાના મકાનમા ભાટાગામ વાસણા અમદાવાદ શહેર મુળ વતન ગામ- મલાવપુર મેલડી માતાના મંદિર પાછળ કડી તા.જી.મહેસાણા વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | કૈલાશ ઉર્ફે દાતલો પોપટભાઈ દંતાણી રહે.જોગણી માતાની ચાલી શંકરભુવન ના છપરા શાહ્પુર અમદાવાદ મુળ વતન ગામ- ડેણજ તા.જિ.મહેસાણા |
|  | કનૈયા ભીખાભાઈ દંતાણી રહેવાસી- બ્લોક ન.૩૦ મ.ન.૯૪૪ પહેલો માળ ઔડાના મકાનમા ભાટાગામ વાસણા અમદાવાદ શહેર મુળ વતન ગામ- મલાવપુર મેલડી માતાના મંદિર પાછળ કડી તા.જી.મહેસાણા |

➢ આનંદનગર તથા ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી ફરીયાદીએ જાહેર રોડ ઉપર પાર્ક કરેલ એક્ટીવા નુ લોક તોડી રોકડા નાણા ની ચોરી કરી લઈ જનાર તેમજ અન્ય કિસ્સામા ફરીયાદીના ગળામાથી સોનાની ચેના ઝુટવી ચીલઝડપ કરી ચોરી કરી લઈ જઈ ચોરી કરેલ મુદામાલ પોતાના કબ્જામા રાખી આર્થીક નાણાકીય લાભ ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે રાજ ઉર્ફે રાજા રાકેશભાઈ ઉર્ફે મુશીયો બંસીભાઈ બંગાળી સિંગલચાલી -રહેવાસી (છારા) સેનુના મકાનમા બંગલા એરીયા કુબેરનગર અમદાવાદ શહેરવિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાજ ઉર્ફે રાજા રાકેશભાઈ ઉર્ફે મુશીયો બંસીભાઈ બંગાળી (છારા) રહેવાસી- સિંગલચાલી સેનુના મકાનમા બંગલા એરીયા કુબેરનગર અમદાવાદ શહેર |

➢ આ ઉપરાંત પ્રોહીબીશન સંબધી ૮ તથા શરીરસબંધી ૩ ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો મળી **કુલ્લે ૧૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૭૩ વ્યક્તિઓને ઝડપી, ૪૬૯ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૦,૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૪/૨૦૨૦**

**માધવપુરાઃ** મયુર પારસમલ મહેતા (રહે. નવીનચન્દ્ર પાર્ક વિઠ્ઠલનગર ચાર રસ્તા પાસે સિવીલ કેમ્પ રોડ શાહીબાગ) એ તા.૨૩/૦૭/૨૦૨૦ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૧૯ થી તા.૨૧/૦૧/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન શાહીબાગ રોડ એચ.બી.કાપડીયા સ્કુલ પાછળ ભદ્રેશ્વર સોસાયટી મહેતા ઓવર્સીસના નામથી ફર્મ-૪૩ ખાતેથી આરોપી રામદેવ પેપર એજન્સી પ્રોપ રાયટર (૧) ઉગમબહેન મદન પુરોહીત (૨) રાજુભાઇ વગતાવરસિહ પુરોહીત (૩) વગતાવરસિહ ખીમસિહ પુરોહીત એ ભેગા મળી પેઢીમાંથી રૂપિયા ૧૮,૭૦,૩૬૭/- નો માલ ખરીદી કરી તે પૈકી રૂપિયા ૧૦,૭૩,૯૦૦/- રકમ ચુકવી આપી બાકી નિકળતા રૂપિયા ૭,૯૬,૪૬૭/ નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૫/૨૦૨૦**

**ખાડીયાઃ** હસમુખભાઈ ઠાકોરલાલ પટેલ (ઉ.વ.૬૩) (રહે. નિધી એપાર્ટમેન્ટ એલ.જી.હોસ્પીટલ સામે મણીનગર) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે માણેકચોક ખાતે ખેતરપાળની પોળના નાકે નવરત્ન જેમ્સ એન્ડ જ્વેલર્સ નામની ખુલ્લી દુકાનમાં ગ્રાહક બની આવેલ બે પુરૂષોએ હસમુખભાઈ પટેલની નજર ચુકવી સાડા ચૌદ કેરેટ ડાયમંડ કિમત રૂપિયા ૮૭,૦૦૦/- ચોરી કરી લઈ જતા રહ્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.દેસાઈ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** વિનોદભાઇ ધનજીભાઇ પરમાર (ઉ.વ.૬૫) (રહે.ચુવાળનગર વિભાગ-૨ રામેશ્વર મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૦ બપોરના ૧/૦૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન મેઘાણીનગર મીનાબજાર ખાતે આવેલ બજરંગ કોમ્પેક્ષમા નવ દુર્ગા જ્વેલર્સ નામની દુકાનમાં ગ્રાહક બની આવેલ બે પુરૂષોએ વિનોદભાઈ પરમારને વાતોમાં વ્યસ્ત રાખી વિનોદભાઈની નજર ચુકવી દુકાનના કાઉન્ટરમાંથી સોનાના દોરા નંગ-૨ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાની કાનની બુટ્ટી બે જોડી કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- ચોરી કરી લઈ જતા રહ્યા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દિલીપકુમાર ઇશ્વરભાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૬/૨૦૨૦**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** સુખાભાઈ વાગજીભાઈ રાઠોડ (ઉ.વ.૫૭) (રહે.ગામ-તાતરીયા છેપડી તા.કઠલાલ જી-ખેડા) તા.૨૧/૦૭/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ગીતા મંદિર સર્કલ સામે રીલીફ રેસ્ટોરન્ટ સામે રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે લોડીંગ રિક્ષા નંબર જીજે ૦૧ ટીબી ૩૬૭૮ ના ચાલક અનિલભાઈ અમૃતભાઈ સોલંકી (રહે.વી.એસ.હોસ્પીટલ સામે માદલપુર ગામ એલીસબ્રીજ) એ રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સુખાભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સુખાભાઈને સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૭/૨૦૨૦ રાતના ૧૧/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ રમેશભાઈ રામચરણ ઉપાધ્યાય (રહે.શાંતવન મહાદેવ વિભાગ-૨ રીંગ રોડ વસ્ત્રાલ) એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાના કામે આરોપી રીક્ષા ચાલક અનીલભાઇ સોલંકીને અટક કરી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૩૭/૨૦૨૦**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** સુરેશભાઇ સ/ઓ મગનભાઇ પરમાર (ઉ.વ.૨૦) (રહે. જય મહાદેવનગર ઓડાના મકાન બલોલનગર નવાવાડજ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૭/૨૦૨૦ સાજના ૬/૩૦ વાગ્યા પહેલા દધીચીબ્રીજ પાસે ઘાટ નંબર- ૫ નજીક નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિહ કાળુભાઇ ચલાવે છે.

**નરોડાઃ** પાયલબહેન ડો/ઓ મનુભાઇ ચાવડા (ઉ.વ.૨૫) (રહે. રામકુટીર રેસીડન્સી કુદરત રેસીડન્સીની બાજુમાં નવયુગ સ્કુલ સામે નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૦ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેન્દ્રસિહ મનુભા ચલાવે છે.

**ઇસનપુરઃ** કમલેશભાઇ હસમુખભાઇ રાણા (ઉ.વ.૪૨) (રહે. ટી.વી.વાળી ચાલી શાસ્ત્રી ચોક લોટસ સ્કુલ સામે ઇસનપુર) ના પત્ની તથા માતા થોડાક સમય અગાઉ મરણ ગયેલ હોઇ એકલવાયુ જીવન જીવતા હોઈ મનમાં લાગી આવતા તા.૨૩/૦૭/૨૦૨૦ બપોરના ૩/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.આર.ગળચર ચલાવે છે.

**નારોલઃ (૧)** તરૂણ રમેશભાઇ પવાર (ઉ.વ.૨૩) (રહે. જ્યોતીનગર અંબુજા ફેક્ટરી પાસે શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઇપના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

**નારોલઃ (૨)** મહેન્દ્રભાઇ કાંતીભાઇ ઉપાધ્યાય (ઉ.વ.૫૩) (રહે. જનતાનગર સોસાયટી બળીયાદેવ મંદિર સામે વેજલપુર) એ આર્થિક પરીસ્થિતી સારી ના હોઈ મનમાં લાગી આવતા તા.૨૩/૦૭/૨૦૨૦ કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલા નારોલ શાસ્ત્રીબ્રીજ ચેક પોસ્ટથી આગળ સર્વિસ રોડની બાજુમાં હેવી લાઇટના મોટા થાંભલાની એંગલ સાથે કપડું બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિહ સવસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી